## ફોજદારી કેસ નંબર : ૩૨૨૬૯/૨૦૦૮ ના કામે આંક : ૧ નીચે હુકમ :–

## –:: હુકમ ::–

આ કામે વિ.એ.પી.પી.શ્રી દવારા રજુ રાખવામા આવેલ આંક–૨૭ ની ક્રિ.પ્રો. કો.કલમ–૩૨૧ હેઠળની કેસ વિથ ડ્રો કરવાની પુરસીસ વંચાણે લીધી. આ કામના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬,૪૭૧ વિ. હેઠળ સજાને પાત્ર ગુન્હાનો આરોપ છે.

વધુમા સદર કેસ સંદર્ભે સુરતના મહે.જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ તારીખ ૧૨/૦૫/૨૦૨૩ ના રોજ કરેલ હુકમ નં.એમએજી/ડોરમેન્ટ/વશી/૯૩૦/૨૦૨૩ નો હુકમ વંચાણે લીધો. ઉકત હુકમ અને વિ.એ.પી.પી.શ્રીએ રજુ કરેલ આંક–૨૬ વાળી પરવાનગી અરજી અને આંક–૨૭ વાળી પુરસીસ ધ્યાને લેતા અને કેસનો પ્રકાર જોતા સદર કેસ પરત ખેંચવા પરવાનગી આપવાથી સમાજ પર અવળી અસર થાય તેમ ન હોય તેમજ ત્રાહીતનુ હીત જોખમાય તેમ ન હોય અને સદર કેસમા લાંબા સમયથી કોઈ પ્રગતી થયેલ ન હોય તેમજ મુળ ફરીયાદીએ પણ હાજર રહી તેઓ પણ સદર કામ તેઓ આગળ ચલાવવા માંગતા નથી તેમ જાહેર કરેલ હોય જેથી આંક–૨૭ વાળી કેસ પરત ખેંચવાની વિથડ્રો પુરસીસ તથા ઉપરોકત જણાવેલ હુકમને ધ્યાને લેતા સદર કેસ સરકારશ્રી પરત ખેંચવા માંગતા હોય જેથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૨૧ ની જોગવાઈ અનુસાર પરત ખેંચવાની પરવાનગી આપી હાલનો કેસ આજરોજ આંક–૨૭વાળી વિથડ્રો પુરસીસના આધારે આજરોજ યોજાયેલ મેજીસ્ટ્રેટ અદાલતોના સ્પેશ્યલ સીટીંગમાં વિથડ્રોથી ફેંસલ કરવાનો હુકમ કરી,આરોપીઓને તેની સામેના કેસમાંથી બિન તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજરોજ તારીખ ૧૩ મી માહે મે, સને –૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં સ્પે.સીટીંગમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૩–૦૫–૨૦૨૩
સુરત.

અમીત.કે.ગોહિલ
૦૯ માં એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
સુરત.
**GJ 00951**